# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી                                             તા. ૧૨-૬-૨૦૨૩

- **<u>ભારત ના દરિયા કિનારે ચક્રવાત નો બદલાયો રહ્યો છે ટ્રેન્ડ, અરબી સમુદ્ર બની રહ્યો છે વાવાઝોડાં નો હોટસ્પોટ.</u>**
- **<u>અરબી સમુદ્ર માં બે દશક માં વાવાઝોડાં ના આવર્તન માં ૫૨% નો વધારો.</u>**
- **<u>વર્ષ ૧૯૭૫- ૨૦૦૦ સુધી માં ૭ જેટલા મુખ્ય ચક્રવાત પ્રવુત્તિ જોવા મળી હતી,જ્યારે વર્ષ ૨૦૦૧-૨૦૨૩ વચ્ચે ૨૦ થી વધુ ચક્રવાત અને ડિપ્રેશન જેવી પ્રવુત્તિ જોવા મળી છેઃ પ્રતિ વર્ષ સરેરાશ ૧૦.૧ મિલીડિગ્રી વધી રહ્યું છે દરિયાઈ સપાટી નું તાપમાન જેથી વધી રહ્યાં છે ચક્રાવાતો</u>**
- **<u>સરકાર એ આવનારા સમય માં મૌસમ વૈજ્ઞાનિકો, સમુદ્રી નિષ્ણાતો, પર્યાવરણ ચિંતકો જોડે ચર્ચા કરી ને આ દિશા માં નક્કર પગલાં લેવા જોઈએ.</u>**

રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ વાર્તા ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવકતા એ જણાવ્યું હતું જ્યારે બિપરજોય નામ નું વાવાઝોડાં ગુજરાત ના દરિયાકિનારે દસ્તક આપી રહ્યું છે ત્યારે છેલ્લા કેટલાક સમય થી **અરબી સમુદ્ર ચક્રવાતો નું હોટસ્પોટ બની રહ્યું છે.** ભારત ની આજુબાજુ ના દરિયાઈ કિનારા નો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે, સામાન્ય રીતે બંગાળ ની ખાડી માં વધુ ચક્રવાતો જોવા મળતા હતા. બંગાળ ની ખાડી માં અરબી સમુદ્ર કરતા વધુ ઉષ્ણતા જોવા મળતી હતી. રિસર્ચ મુજબ છેલ્લા બે દશક માં **વાવાઝોડાં ના આવર્તન માં ૫૨% નો વધારો થયો છે, જ્યારે વાવાઝોડાં ના સમયગાળા માં ૮૦% નો વધારો અને તીવ્રતા માં ૨૦ થી ૪૦% નો વધારો જોવા મળ્યો છે, જ્યારે બંગાળ ની ખાડી માં વાવાઝોડાં માં ૮ % નો ઘટાડો જોવા મળ્યો છે.**

વર્ષ ૧૯૭૫-૨૦૦૦ ની વચ્ચે ૭ જેટલી મુખ્ય ચક્રવાતી પ્રવુત્તિ જોવા મળી જેની સામે ૨૦૨૧- ૨૦૨૩ સુધી માં ૨૦ થી વધુ ચક્રવાત અને ડિપ્રેશન ની પરિસ્થિતિ નો સામનો કરવો પડ્યો છે. અલગ અલગ નિષ્ણાતો ના મત મુજબ દરિયાઈ સપાટી ના તાપમાન માં વધારા થી વધી રહ્યા છે વાવાઝોડાં, **સરેરાશ વર્ષે ૧૦.૧ મિલી ડિગ્રી દરિયાઈ સપાટી ના તાપમાન માં વધારો થઈ રહ્યો છે.** વધી રહેલા વાવાઝોડાં ચિંતાજનક છે, જે વાર્ષિક પ્રવૃત્તિ બની ગઈ હોય તેમ લાગે છે. **વર્ષ ૨૦૧૪-'નિલોફર', ૨૦૧૫-'ચાપલા' અને 'મેઘ', ૨૦૧૯-'વાયુ', 'ફાની', ૨૦૨૦-'નિસર્ગ', ૨૦૨૧-'તોક્તે' અને ૨૦૨૩ માં 'બીપરજોય'** જેવા વાવાઝોડાંનો સામનો કરવો પડ્યો છે. દરિયાઈ સપાટી ના તાપમાન માં એક થી બે ડિગ્રી નો વધારા થી વાવાઝોડાં ના આવર્તન માં વધારો જોવા મળે છે. વર્ષ ૨૦૧૯ માં અરબી સમુદ્ર માં ૫ અને વર્ષ ૨૦૨૦ માં ૨ વાવાઝોડાં જોવા મળ્યા છે. **ગુજરાત રાજ્ય માં ૧૪ જેટલા જિલ્લા વાવાઝોડાંઓ માટે અત્યંત સંવેદનશીલ જિલ્લા છે.** સરકાર અને પર્યાવરણ વિભાગે આવનારા સમય માં ચિંતા કરવી જોઈએ સાથે મૌસમ વિજ્ઞાનિક, સમુદ્રી નિષ્ણાત, પર્યાવરણવિદ અને પ્રકૃતિ પ્રેમીઓ જોડે સંવાદ સ્થાપી અને નક્કર પગલાં લેવા જોઈએ. ગ્લોબલ વોર્મિંગ ની સામે પર્યાવરણ નું જતન કરવું આપણા સહુ ની જવાબદારી છે, જે આપણે સહુ સાથે સ્વીકારીએ. પર્યાવરણ ને દંડવા નો પ્રયત્ન કરશું તો કુદરત છોડશે નહિ, અને પરિણામ ગંભીર થઈ શકે. આપણે સહુ એ પર્યાવરણ ના દરેક ભાગ ના સંવર્ધન અને જતન માટે ચિંતા કરવી પડશે.

## મુખ્ય ચક્રાવાતી પ્રવૃત્તિ ૧૯૭૫ - ૨૦૦૦

| ક્રમ | લેન્ડફોલ તારીખ | લેન્ડફોલ થનાર અને અસરગ્રસ્ત વિસ્તારનું નામ |
|---|---|---|
| 1. | ૨૨ ઓક્ટોબર ૧૯૭૫ | પોરબંદર |
| 2. | ૩ જુન ૧૯૭૬ | સૌરાષ્ટ્ર |
| 3. | ૮ નવેમ્બર ૧૯૮૨ | વેરાવળ |
| 4. | ૧ નવેમ્બર ૧૯૮૯ | વેરાવળ અને પોરબંદર |
| 5. | ૧૮ જુન ૧૯૯૨ | દિવ |
| 6. | ૯ જુન ૧૯૯૮ | પોરબંદર |
| 7. | ૨૦ મે ૧૯૯૯ | કચ્છ |

## મુખ્ય ચક્રાવાતી પ્રવૃત્તિ ૨૦૦૧ - ૨૦૧૯

| વર્ષ | પ્રવૃત્તિનો સમયગાળો | વર્ગીકરણ | અસરગ્રસ્ત વિસ્તાર |
|---|---|---|---|
| ૨૦૦૧ | ૨૧-૨૯ મે | અતિ ગંભીર ચક્રાવાતી તોફાન | કંડલા, કોસંબા, જામનગર, વલસાડ |
| | ૭-૧૩ ઓક્ટોબર | ચક્રાવાતી તોફાન | દક્ષિણ ગુજરાત |
| ૨૦૦૪ | ૩૦ સપ્ટેમ્બર -૧૦ ઓક્ટોબર | ગંભીર ચક્રાવાતી તોફાન | પોરબંદર |
| ૨૦૦૫ | ૨૧-૨૨ જુન | ડીપ્રેશન | પશ્ચિમ ગુજરાત |
| | ૧૪-૧૬ સપ્ટેમ્બર | ડીપ્રેશન | પશ્ચિમ ગુજરાત |
| ૨૦૦૬ | ૨૧-૨૪ સપ્ટેમ્બર | ગંભીર ચક્રાવાતી તોફાન | પોરબંદર, રાજકોટ |
| ૨૦૦૮ | ૨૩-૨૪ જુન | ડીપ્રેશન | દિવ |
| ૨૦૧૦ | ૩૦ મે - ૭ જુન | ખુબ ગંભીર ચક્રાવાતી તોફાન | રાજકોટ, કચ્છ, સુરેન્દ્રનગર, જામનગર, મહેસાણા |
| ૨૦૧૧ | ૧૧-૧૨ જુન | ડીપ્રેશન | ગીર સોમનાથ, વેરાવળ, કોડીનાર, તલાલા, ઉપલેટા |
| ૨૦૧૪ | ૧૦-૧૪ જુન | ચક્રાવાતી તોફાન | દક્ષિણ ગુજરાત |
| | ૨૫-૩૧ ઓક્ટોબર | અતી ગંભીર ચક્રાવાતી તોફાન | કચ્છ, સૌરાષ્ટ્ર |
| ૨૦૧૫ | ૨૨-૨૪ જુન | ડીપ્રેશન | ગીર સોમનાથ, અમરેલી, રાજકોટ |
| ૨૦૧૬ | ૨૭-૨૯ જુન | ડીપ્રેશન | પશ્ચિમ ગુજરાત |
| ૨૦૧૭ | ૨૯ નવેમ્બર-૬ ડીસેમ્બર | ખુબ ગંભીર ચક્રાવાતી તોફાન | સુરત, દહાણુ |
| ૨૦૧૯ | ૧૦-૧૭ જુન | ખુબ ગંભીર ચક્રાવાતી તોફાન | સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ |
| | ૩૦ સપ્ટેમ્બર-૧ ઓક્ટોબર | ડીપ્રેશન | કંડલા (કચ્છ) |
| | ૨૨-૨૫ ડીસેમ્બર | ખુબ ગંભીર ચક્રાવાતી તોફાન | દક્ષિણ ગુજરાત |
| | ૩૦ ઓક્ટોબર-૭ નવેમ્બર | અતી ગંભીર ચક્રાવાતી તોફાન | દિવ |

| વર્ષ | ચક્રાવાતનું નામ |
|---|---|
| ૨૦૦૪ | ઓનીલ |
| ૨૦૦૬ | મડકા (Mudka) |
| ૨૦૧૦ | ફેટ (Phet) |
| ૨૦૧૪ | નિલોફર |
| ૨૦૧૫ | ચપાલા અને મેઘ |
| ૨૦૧૭ | ઓછકી |
| ૨૦૧૮ | લુબાન |
| ૨૦૧૯ | વાયુ અને ફાની |
| ૨૦૨૦ | નીસર્ગ |
| ૨૦૨૧ | તોકતે |
| ૨૦૨૩ | બીપરજોય |

| વાવાઝોડાના લીધે અતિ સંવેદનશીલ જીલ્લાઓ | |
|---|---|
| જુનાગઢ | સુરત |
| અમદાવાદ | ભરૂચ |
| કચ્છ | વલસાડ |
| ભાવનગર | રાજકોટ |
| જામનગર | પોરબંદર |
| આણંદ | મોરબી |
| નવસારી | ગીર સોમનાથ |

પાર્થિવરાજસિંહ કઠવાડિયા
પ્રવકતા, મો. 9898134146